# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

## બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર

### પંચાયત સેવાના કર્મચારીઓની હિન્દી ભાષાની પરીક્ષા યોજવા બાબતનું જાહેરનામું

ક્રમાંકઃ-ઇએકસએમ-૩-૨૪૬૯/....૫૧૨૬..../૨૦૨૧-૨૨

તા.૦૭/૦૯/૨૦૨૧

**જાહેરનામું**

સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ના જાહેનામા ક્રમાંકઃ- કેપી/૩૧/૨૦૨૦/પીઆરઆર/૧૦૨૦૧૯/૭૭૩/ખ તા.૦૪/૧૨/૨૦૨૦થી ગુજરાત પંચાયત સેવા (હિન્દી ભાષાની પરીક્ષા) નિયમો-૨૦૨૦ નિયત થયેલ છે.

૨/- ગુજરાત પંચાયત સેવા (હિન્દી ભાષાની પરીક્ષા) નિયમો-૨૦૨૦ના નિયમ-૬ અન્વયે મંડળ દ્વારા પંચાયત સેવાના કર્મચારીઓની હિન્દી ભાષાની પરીક્ષા નીચે દર્શાવેલ સમયપત્રક મુજબ યોજવાનું આથી જાહેર કરવામાં આવે છેઃ-

| પ્રશ્નપત્ર નંબર | માર્કસ | તારીખ અને વાર | સમય | પરીક્ષાનું સ્થળ |
|---|---|---|---|---|
| હિન્દી પેપર-૧ | ૧૦૦ | તા.૧૬/૧૧/૨૦૨૧, મંગળવાર | સવારે ૧૦:૩૦ થી ૧:૩૦ | સંબધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી નક્કી કરે તે |
| હિન્દી પેપર-૨ | ૧૦૦ | તા.૧૬/૧૧/૨૦૨૧, મંગળવાર | બપોરે ૨:૩૦ થી ૫:૩૦ | |
| મૌખિક પરીક્ષા (Viva voce Test) | ૫૦ | તા.૧૭/૧૧/૨૦૨૧, બુધવાર | સવારે ૧૦:૩૦ થી શરૂ | |

૩/- સદરહું પરીક્ષાનો અભ્યાસક્રમ અને પરીક્ષા પધ્ધતિ ગુજરાત પંચાયત સેવા (હિન્દી ભાષાની પરીક્ષા) નિયમો-૨૦૨૦ના શેડ્યુલ-III માં દર્શાવ્યા મુજબનો રહેશે. સદરહું હિન્દી ભાષાકીય પરીક્ષામાં બેસવા ઇચ્છતા લાયક ઉમેદવારોએ આ સાથે બીડેલ નમૂનાનું આવેદનપત્ર પોતાની કચેરીમાંથી મેળવી, ભરેલ આવેદનપત્ર તા.૦૬/૧૦/૨૦૨૧ સુધીમાં જે તે જિલ્લા પંચાયતની મહેકમ શાખાને મોકલી આપવાનું રહેશે. જિલ્લા પંચાયત ધ્વારા સદરહું ભાષાકીય પરીક્ષામાં બેસનારા કર્મચારીઓના અસલ આવેદનપત્રો સંબધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સહી-સિક્કા સાથે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની કચેરીને મોડામાં મોડા તા.૦૮/૧૦/૨૦૨૧ સુધીમાં પહોંચે તે રીતે મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બાદ મળેલા આવેદનપત્રો મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહિ.

"મંડળના આદેશાનુસાર"

(ભરત સી. પરમાર)
સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

નં.ઇએકસએમ-૩-૨૪૬૯/૨૦૨૧
ગાંધીનગર

પ્રતિ,

મેનેજરશ્રી, સરકારી મુદ્રાણાલય, ગાંધીનગર તરફ ઉપરોકત જાહેરનામાની પ્રસિધ્ધિ આગામી સરકારી ગેઝેટમાં ભાગ-૧'અ'માં કરવા અને જેની પાંચ નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માન.અધિક મુખ્યસચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી તમામ તરફ જાણ, બહોળી પ્રસિધ્ધિ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

(૪) અધિક સચિવશ્રી(પંચાયત),પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના-જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.</u>

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ), જિલ્લા પંચાયત કચેરી, (તમામ)

(૨) કચેરીના નોટીસ મંડળ તરફ પ્રસિધ્ધી સારૂ.